સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

પડે પગે પક્ષો, મહંતો-મુલ્લાં મૂંઝવણમાં છે,
મૂર્તિ-મજાર, મંદિર-મસ્જિદ, મૂંઝવણમાં છે,
મૂંઝવણમાં છે પ્રજા રોજની આ ચૂંટણીઓથી -
વગર લાભે લેટતા 'સેવકો' મૂંઝવણમાં છે.

હાઈકુ

ચૂંટણી પછી -
'હું કોણ!' ને 'તૂં કોણ?'
થાય વિસ્મૃતિ...

જીત જુગારે
અંચાઈ - અનીતિના
ખેલાય ખેલ!

ચિંતન

એષમ આત્માન્ત હૃદય અતદૂ બ્રહ્મૈકમિતઃ પ્રેત્યામિંસંભવબિતાસ્મિ ।

ઉપરોક્ત શ્લોક ભક્તિસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

આ સૂત્રમાં જીવાત્મા તથા પરમાત્મા વચ્ચે સુંદર સ્વાનુભવ પૂર્ણ લક્ષ્મણરેખા દોરી આપી છે. તે પ્રમાણે જીવાત્મા ઉપાસક છે અને પરમાત્મા ઉપાસ્ય. જીવાત્મા સાધક છે ને પરમાત્મા સાધ્ય છે એ પુરવાર થાય છે. ઉપાસના જીવાત્માની નથી કરવાની પરમાત્માની જ કરવાની છે.

પરમાત્મા પરમ ઉપાસ્યદેવ હોવાથી જીવાત્મા એમને જાણવાની, પામવાની અથવા આરાધનાની અભિલાષા રાખે છે. એ વિના એને શાંતિ નથી વળતી અને એનો અસંતોષ કાયમ રહે છે. પરમાત્મા એના પ્રાપ્તવ્ય છે. માટે તો એ એમની ઈચ્છા રાખે છે.

સુવિચાર

- મિથ્યાત્વ તે અંતરગ્રંથિ છે, પરિગ્રહ તે બાહ્યગ્રંથિ છે - **શ્રીમદ્ રાજચંદ્ર**
- તમે માત્ર તમારાં જ સુખ માટે જીવવા માંગો છો એ જ તમારી નિરાશાનું કારણ છે - **લિયો ટોલ્સ્ટોય**
- સાધુ દો રોટી, એક લંગોટીનો હકદાર - **સ્વામી આનંદ**
- જેનું મન તાલીમ પામીને ઉન્મત બન્યું છે તે જ પરમયોગી તેને જ પરમહંસની પદવી આપી શકાય છે - **સ્વામી વિવેકાનંદ**
- ત્યાગથી પાપની મૂડી ચૂકવાય છે, અને દાનથી પાપનું વ્યાજ ચૂકવાય છે - **વિનોબા ભાવે**
- પરોપકાર કર્તવ્ય નથી, એ તો આનંદ છે, કારણ કે આપણાં જ સ્વાસ્થ્ય અને સુખને વધારે છે - **જરથુષ્ટ્ર**
- આજનું ઔષધ : કુવાડીયાના બીજનો પાઉડર 'દહી' સાથે મેળવી તેની પેસ્ટ ખરજવા પર લગાડવાથી ફાયદો થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એકવાર એક સન્માનીય સંત એક હાથમાં સળગતી મશાલ અને બીજા હાથમાં પાણીની ડોલ લઈ ગામમાંથી નીકળ્યા. તેમને જોઈ એક ભક્તે પૂછ્યું, 'મહાત્મા, તમે આ શું કરી રહ્યા છો ?' આમ કરવાનું કારણ શું છે ?' સંતે કહ્યું, 'હું આ મશાલની અગ્નિથી સ્વર્ગના સુખો સળગાવી નાખવા માંગુ છુ અને આ પાણીથી નર્કની આગ ઓલવવા માંગુ છું. જેથી કરીને માણસ સ્વર્ગની રંગીન કલ્પનાઓ અને નર્કના ભયાનક દર્શનોથી પ્રભાવિત થયા વગર કર્મના પંથ પર આગળ વધે અને વધુ કાર્યનિષ્ઠ બને.'

સંતની વાત ભગતને સમજાઈ નહીં એણે સંતને પૂછ્યું 'તમને લાગે છો કે વ્યક્તિના કમ સ્વર્ગની સુખદ કલ્પનાઓ અને નર્કની ભયાનકતાથી પ્રભાવિત થાય છે? શું સ્વર્ગ અને નર્કને જોઈને વ્યક્તિ પોતાના કર્મ કરે છે? આ સંસારમાં ઘણા લોકોના મનમાં સ્વર્ગની સુખ કલ્પનાઓ અને નર્કની ભયાનકતા સવાર હોય છે. આથી જે પણ કર્મ લોકો કરે છે. એ આનાથી પ્રભાવિત થઈને જ કરે છે.' સંતે કહ્યું, 'એટલે જ હું સ્વર્ગની લાલચ અને નર્કના ભય બંનેને મિટાવી દેવા માંગુ છું.' ભગતે કહ્યું, 'પણ એનાથી શું થશે ?' સંતે કહ્યું, 'જયારે સ્વર્ગની લાલચ અને નર્કના ભયથી માણસ મુક્ત થશે ત્યારે જ તે પોતાના કર્તવ્યોનું સાચા અર્થમાં પાલન કરશે. અને ત્યારે જ તે વાસ્તવિકતામાં જીવશે. આમ જીવવાથી જ વ્યક્તિના ચહેરા પર જીવનનો અસલી આનંદ પ્રગટ થશે. આવી વ્યક્તિ માટે સ્વર્ગ અને નર્ક બંને આ દુનિયામાં હશે. એ પોતાના કર્મ દ્વારા સ્વર્ગ અને નર્ક આ દુનિયામાં મેળવશે.'

ભગતને સંતની વાત સમજાઈ ગઈ.

રામાયણ સર્કિટમાં જોડાતું સીતાનું પિયર

તંત્રીસ્થાનેથી...

જે કામ પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદના કાર્યકાળમાં થવું જોઈતું હતું તે આખરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનકાળના ચોથા વર્ષની પૂર્ણાહૂતિવેળાએ સંપન્ન થયું છે. નેપાળમાં આવેલું જનકપુર એ સીતાનું પિયર ગણાય છે. ભૌગોલિક રીતે ભલે તે અલગ દેશ ગણાતા પાડોશી રાષ્ટ્ર નેપાળમાં હોય પરંતુ ભારતીય સંસ્કારિતાની રૂએ નેપાલ ભારતનો જ હિમાલયની ગોદમાં વસેલો પ્રદેશ છે. વળી ભારતની જેમ બિનસાંપ્રદાયિક લોકતંત્ર બનવા માટે પણ અત્યાર લગી વિશ્વના એક માત્ર હિન્દુ રાષ્ટ્ર એવા આ પર્વતીય પ્રદેશે ઘણા લાંબા સમય સુધી રાહ જોવી પડી હતી. આજે પણ નેપાળની એંશી ટકા પ્રજાને 'હિંદુ રાષ્ટ્ર' તરીકે ઓળખાવવામાં ગૌરવાનુભૂતિ થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી લોકસભાની ચૂંટણી બલે બહારથી વિકાસના મુદ્દે લડવાની જાહેરાતો કરે પરંતુ એમણે ભાજની જીતને હુકમનો એક્કો તો 'હિંદુત્વ' જ છે. એની પૂરી પ્રતીતિ છે. એટલે છેલ્લાં વર્ષો દરમિયાન ભારત કરતાં ચીન સાથે સવિશેષ નજીક સરકેલા આ પાડોશી રાષ્ટ્રમાં તેઓ વારંવાર સામે ચાલીને ગયા છે. એમણે બિહાર અને નેપાળ વચ્ચેની રેલવે લાઈન તથા ધોરી માર્ગો વિકસાવવામાં રસ લીધો છે. મધેસી તરીકે ઓળખાતા ભારતની સરહદ નજીક વસતા લોકો ઉપર નેપાળ સરકાર ઓરમાયું વર્તન રાખતી હતી. એમને સંસદમાં પૂરતું પ્રતિનિધિત્વ પણ નહોતું મળતું. આવા અનેક પ્રશ્નો ઉપરાંત ચીન સાથેની નેપાળની નિકટતાથી ભારત અકળાય તે સ્વાભાવિક હતું. તેથી નોટબંધી પછી ભૂતાન અને નેપાળ વચ્ચે ભારત સરકાર દ્વારા વહેરોવંચો રખાયો હોવાનું પણ જાણીતું છે. નેપાળની સરકારી 'રાષ્ટ્રબેંકે' - રિઝર્વ બેંકમાં જૂનું ભારતીય નાણું સડી રહ્યું છે. પહાડી પ્રજા પાસે પણ જૂની ભારતીય નોટો પડેલી છે. આ મુદ્દે નેપાળ સરકારની નારાજગી જાણીતી છે. ભારતનો ભરોસો ન કરાય - એવો માહોલ પ્રવર્તી રહ્યો છે. આવા સંજોગોમાં મોદી એ દુખતી રગ પંપાળવા અને સાંસ્કૃતિક બલકે ધાર્મિક સંબંધો મજબૂત બનાવી 'રામાયણ સર્કિટ' સાથે સીતાના પિયરને સાંકળવાની વ્યૂહાત્મક સંબંધો વિકસાવવાની હિંદુત્વની લહેર સરજાઈ શકે. જનકપુરથઈ અયોધ્યા વચ્ચેની બસને લીલી ઝંડી આપવી તે લાહોર અને દિલ્હી વચ્ચેની બસને લીલી ઝંડી આપવા કરતાં રાજકીય દૃષ્ટિએ ડહાપણભર્યું અને ફાયદાકારક પગલું છે. મોદી ભલે જાહેરમાં હિંદુત્વનું રટણ કરવાનું ટાળવા ફરે પરંતુ જે રીતે ઉત્તરપ્રદેશમાં યોગી આદિત્યનાથને સુકાન સોંપ્યું અને રામજન્મ ભૂમિ મંદિર મુદ્દે લોકોને આડકતરું આશ્વાસન આપી દીધું એ જ પેટર્ન પર રામાયણ સર્કિટમાં જનકપુર અને અયોધ્યાને જોડી મોદીએ એમના મનમાં રમતી વાતને સંકેત આપી જ દીધો છે. નેપાળ મુલાકાત વિકાસ કરતાં વિશેષ આગામી લોકસભાની ચૂંટણીમાં હિંદુ મતદાતાઓના ધ્રુવીકરણની ગરજ સારશે.

દર્દીઓ માટે તડબૂચ લાભકારી...?

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

વોટરમેનન એટલે તડબૂચ. આમ તો સામાન્ય રીતે કોઈને પણ અરે ઓ તડબૂચ એવું કઈએ એટલે ગાળ લાગે. કોઈને પણ તડબૂચથી સંબોધન કરો એટલે હસવું આવે અને જેના માટે બોલાયું હોય તેને દુઃખ લાગે. એવું કેમ ? કારણ કે એનો દેખાવ એકદમ ગોળ મોટા કદનો અને ઉપરની છાલ ન ગમે એવી. પણ એ તો થઈ બાહ્ય વસ્તુ એટલે કે દેખાવ.

આમે આખી દુનિયા દેખાવ ઉપર જ પડી છે. હું કેવો દેખાવું છું અથવા કેવી દેખાવું છું એમાંને એમાં હજારો વર્ષથી લોકો સાચો જવાબ શોધવામાં ને શોધવામાં પોતાનું જીવન પુરું કરી નાખ્યું. હજુ સુધી કોઈને સાચી ખબર પડી નથી કે હું સારી દેખાવું છું કે ખરાબ. છતાં પણ લોકો બીજાની પાસે અપેક્સા રાખે હું સારી દેખાવું છું, મારા જેવી કોઈ નહીં, અને મારા જેવો કોઈ નહીં અને સામેના વ્યક્તિને ન ગમવા સાથે એવું કહેવું પડે કે બહું સરસ દેખાવ છો અથવા તું ખુબ સુંદર છે. એ બે વિશેષણો સમય પ્રમાણે બદલાયા કરે છે. મતલબ કે સારા દેખાતા હોવ કે સારા ન દેખાતા હોવ તો પણ બીજા માણસ તમને પ્રોત્સાહન આપે એવું લોકો માને છે.

ચલો હવે, વિષય પર આવી જઈએ... પહેલા કાચી કેરી પછી પાકી કેરી અને ગોટલામાં રહેલી ગોટલી ઉપર થોડું ઘણું આપણે જાણ્યું. આ ઉનાળાનું ફળ છે. તે ઉનાળાની મજા છે. એવી જ રીતે તડબૂચ કેરી જેટલું જ અગત્યનું ઉનાળાનું ફળ છે. ઉનાળામાં જ તડબૂચ આપણને ઢગલે ઢગલા જોવા મળે. જોકે, સવાલ એ થાય કે આ તડબૂચ ખાવા જોઈએ કે નહીં ? અને એનાથી આપણા શરીર પર શું અસર થાય છે ? આપણે તો હવે બધા જ જાગૃત થઈ ગયા છીએ. આપણા મોંમાં મૂકતા પહેલા આપણી જાતને પૂછી લઈએ છીએ કે આ હું મોંમાં મુકું કે નહીં. સારી વાત છે. લોકો તમાકુ અને મસાલા આરામથી મોંમાં નાંખી દેતા હોય છે ત્યારે આ સવાલ નથી થતો. પણ તડબૂચ કે કેરીની વાત હોય તો તરત જ જાતને પૂછીએ છીએ કે આ મોંમાં મુકાય કે નહીં. કાઈ વાંધો નહીં ભગવાનની જેવી ઈચ્છા. હવે, વાત કરીએ તડબૂચની. તડબૂચમાં ૯૦ ટકા કરતા વધારે પાણી હોય છે. જેમાં ચરબીનું પ્રમાણ લગભગ નહીંવત્ હોય છે. એટલે કે તડબૂચ ઉનાળામાં ખવાય. પાણીની જગ્યાએ તડબૂચ જેટલું ખાવું હોય એટલું ખવાય, એવું એના ઉપરથી લાગે. બીજો સવાલ એ થાય કે એમાં બીજું શું શું રહેલું છે કે જેનાથી આપણા શરીરને ફાયદો થાય. તો એમાં વધારે પ્રમાણમાં એમીનો એસીડ, વિટામિન-સી, મેગ્નેશિયમ, કેલ્શિયમ, વિટામિન-એ, આયન, ફાયબર રહેલા હોય છે. જેમાં અગત્યનું ભાગ નાઈટ્રીક ઓકસાઈડ અને પોટેશિયમ. આ બધા તત્ત્વો શરીરમાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે અને તેનાથી શરીરને ખૂબ જ ફાયદો થાય છે. પહેલાં પાણીની માત્રા વધારે હોવાને કારણે ડીહાઈડ્રેશનમાં તડબૂચ ખૂબ જ જરૂરી છે. એટલે કે પાણીની જગ્યાએ આપણે તડબૂચનો ઉપયોગ કરી શકીએ. સવાલ એવો પણ થાય કે તડબૂચ ખાધા પછી પાણી પીવાય ? ત્યારે જવાબ ના આપવો પડે. વધારે પડતું તડબૂચ ખાવાથી એમાં ફેટ એટલે કે ચરબી ઓછી હોવાને હિસાબે મોટાપણામાં એટલે કે ઓબેસીટીમાં ઘણો જ ફાયદો થતો હોય છે. એટલે કે શરીર ઘટાડવામાં તડબૂચ અગત્યનો ભાગ ભજવે છે. ઉનાળાનું ફળ છે એટલે કે હીટવેવમાંથી બચવા માટે દરરોજ તડબૂચ ખાવું જોઈએ. વધારે પ્રમાણમાં ફાયબર હોવાથી ડાયાબીટીસના દર્દીઓમાં આશીર્વાદરૂપ છે. અને જેમને પેટમાં અથવા કબજિયાતની તકલીફ છે એ લોકો માટે તડબૂચ આશીર્વાદરૂપ છે. એટલે કે જેને ડાયાબીટાસ હોય અને કબજિયાત પણ હોય તેમણે ઉનાળાના ચારે ચાર મહિના તડબૂચ પ્રેમથી ખાવું જોઈએ. વિટામિન અને એમીનોએસીડના હિસાબે જે લોકોના વાળ ખૂબ જ ખરતા હોય તેમણે પણ તડબૂચ વધારે ખાવું જોઈએ. તડબૂચ ખાવાથી શરીરમાં શક્તિનો સંચાર થાય છે. વિટામિન-સીના હિસાબે અસ્થમા એટલે કે શ્વાસ લેવામાં જેમને તકલીફ પડતી હોય એ લોકોએ પણ વધારે પ્રમાણમાં તડબૂચ ખાવું જોઈએ. જે લોકોને બ્લડપ્રેશરનો પ્રોબ્લેમ છે એ લોકોએ પણ તડબૂચ વધારે પ્રમાણમાં ખાવું જોઈએ. નાઈટ્રીક ઓકસાઈડ જે તડબૂચમાં વધારે પ્રમાણમાં રહેલું છે તે બ્લડવેશલન્સ એટલે કે લોહીની નળીઓને પહોળી કરવામાં મદદ કરે છે અને જેને લીધે બ્લડ સરક્યુલેશન વધારે ફાશ થાય

અનુસંધાન પાના નં ૭ પર

સુરતમાં એક અદભુત હાઈટેક હોસ્પિટલ 'કિરણ'

મોરપીંછના રંગ
ડૉ. કનૈયાલાલ ભટ્ટ

સુરતના કતારગામ વિસ્તારમાં પાટીદાર સમાજ દ્વારા દેશની અતિ આધુનિક સવલતોથી સજ્જ કિરણ હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૫૦૦ કરોડથી વધુ ખર્ચે ઈન્ટરનેશનલ લેવલ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે.. ૫૯ મીટરની હાઈટ સાથે ૧૩ માળ અને હેલિપેડ ધરાવતી કિરણ હોસ્પિટલ આજે સુરતનું ગૌરવ બની ગઈ છે.

સુરતમાં પાટીદાર સમાજ દ્વારા બનાવવામાં આવેલી ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડની અતિ અદ્યતન હોસ્પિટલ આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર હાઈટેક સાધનો અને સુવિધાઓ સાથે સુરતના કતારગામ વિસ્તારમાં વસ્તાદેવડી રોડ પર સમસ્ત પાટીદાર સમાજ દ્વારા રૂપિયા ૫૦૦ કરોડથી વધુના ખર્ચે કિરણ મલ્ટી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ બનાવવામાં આવી છે.

આ કિરણ હોસ્પિટલ ૧૭ હજાર સ્ક્વેર ફૂટ જગ્યામાં બનાવવામાં આવી છે. જેમાં આશરે ૧૦ લાખ સ્કવેર ફૂટમાં બાંધકામ કરવામાં આવ્યું છે. ૫૯ મીટર ઉંચા બિલ્ડીંગમાં ૧૩ માળ છે. જેમાં ૨૨ લિફ્ટ મૂકવામાં આવી છે. બે એસ્કેલેટર છે જેથી ઓપીડીમાં આવતા દર્દીઓને ચડવા-ઉતરવામાં તકલીફ ના પડે. આ હોસ્પિટલમાં પાર્કિંગનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. હાલ કુલ ૫૩૩ બેડની આ હોસ્પિટલમાં ભવિષ્યમાં બેડની સંખ્યા વધારીને ૭૫૦ જેટલી કરી શકાય એનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. હોસ્પિટલમાં ૧૧૩ બેડ આઈસીયુમાં છે. જ્યારે ૩૩ જેટલા બેડ મેડિકલ વિભાગમાં બનાવવામાં આવ્યા છે. એક ઈમરજન્સી વોર્ડ બનાવવામાં આવ્યો છે. જેમાં ૧૧ બેડ રાખવામાં આવ્યા છે. જ્યારે ૨૮ બેડ ઓપરેશન થિએટરમાં બનાવવામાં આવ્યા છે. ૬૬ જેટલી વિવિધ રોગોની ઓપીડી તૈયાર કરવામાં આવી છે. હોસ્પિટલમાં દાંતથી લઈને કેન્સર સુધીના તમામ રોગોનું નિદાન સાથે અદ્યતન સારવાર એકદમ વાજબી ભાવે આપવામાં આવશે. હોસ્પિટલમાં દર્દીને ઈન્ફેક્શન ન થાય અને દર્દીને મળવા આવેલા સગાસંબંધીઓ માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ હોસ્પિટલમાં એર અમ્બ્યુલન્સ ઉતારવા માટે ૧૩માં માળે ટેરેસ પર હેલિપેડ બનાવવમાં આવ્યું છે. દર્દીને હેલિકોપ્ટર અથવા એર એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં હેલિપેડ પર ઉતારવામાં આવશે. ત્યાંથી સીધા રેમ્પ દ્વારા દર્દીને લિફ્ટ અને ત્યાંથી સીધા ઓપરેશન થિએટર લઈ જઈ શકાશે. વધુ ઈમરજન્સી માટે ૧૨માં માળે પણ એક ઓપરેશન થિએટર બનાવવમાં આવ્યું છે. હોસ્પિટલમાં આગ મોટા ભાગે શોર્ટ સર્કિટના કારણે લાગતી હોય છે. જેથી કિરણ હોસ્પિટલમાં શોર્ટ સર્કિટની શક્યતા ઘટાડવા માટે દરેક ફ્લોર પર બસબાર વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેથી શોર્ટ સર્કિટની શક્યતા ઘટી જાય છે. એક અંદાજ પ્રમાણે આવી વ્યવસ્થા ગુજરાતની એક પણ હોસ્પિટલમાં કરવામાં આવી નથી. આ પ્રકારની વ્યવસ્થા દુબઈની બુર્ઝ ખલીફામાં લગાવવામાં આવી છે. જ્યારે કોઈ અન્ય પ્રકારે આગ લાગે તો તેને કાબુ કરવા માટે ૧૨ માળમાં ૧૨૦૦૦ જેટલા પાણી મારો ચલાવી શકે તેવા સ્પીન્કલર્સ ગોઠવવામાં આવ્યા છે. આ સ્પીન્કલર્સને જોડવા માટે ૧૬ કિ.મી જેટલી પાઈપલાઈન લગાવવમાં આવી છે. કિરણ હોસ્પિટલમાં વિદેશની પણ કેટલીક ખાસ હોસ્પિટલમાં જેવા મળતી ન્યૂમેટિક ટ્યૂબ સીસ્ટમ પણ ઉભી કરવામાં આવી છે. આ સીસ્ટમ દરેક નર્સ સ્ટેશન, આઈસીયુ, ઓપરેશન થિએટર, લેબોરેટરી, બ્લડ બેન્ક વગેરે સાથે ન્યૂમેટિક ટ્યૂબ દ્વારા જોડવામાં આવે છે. આ સીસ્ટમથી ઈમરજન્સીમાં

લોહી, દવા કે કોઈ ટેસ્ટની જરૂર પડે તો તાત્કાલિક જે તે જગ્યાએ પહોંચાડી શકાય છે. કિરણ હોસ્પિટલમાં ૧૧માં માળે પ્રેસિડેન્શિયલ સ્યૂટ બનાવવમાં આવ્યું છે. આવી ફેસિલિટી લગભગ મુંબઈમાં પણ નથી. હાલમાં આવા ચાર સ્યૂટ બનાવવામાં આવ્યા છે. બાદમાં તેની સંખ્યા વધારીને આઠ કરવામાં આવશે. આ સ્યૂટમાં ટેરેસ ગાર્ડન, લિવિંગ રૂમ, દર્દી માટેનો અલગ રૂમ છે. જેમાં તબીબી સારવારની સુવિધા અને દર્દીના સગાસંબંધીઓ પણ રહી શકે તે માટે રિલેટીવ રૂમ પણ બનાવવમાં આવ્યો છે. આ સ્યૂટ હોટલના રૂમની માફક બનાવવમાં આવ્યો છે.

હોસ્પિટલમાં ગ્રાઉન્ડ ફ્લોર પર કેબિનો બનાવીને ઓડિયો વિઝ્યુલ સ્ક્રીન્સ મૂકવામાં આવી છે. જેથી સંબંધીએ ગ્રાઉન્ડ ફ્લોર પર જ પોતાના સંબંધી દર્દીની નોંધ કરવાની કેબિનમાં જતા રહેવાનું રહેશે. કેબિનમાં મૂકેલા સ્ક્રીન્સ મારફતે સંબંધી અને દર્દી એકબીજાને જોઈ અને ખબરઅંતર જાણી શકશે. ગ્રાઉન્ડ ફ્લોર પર જ ફુટની દુકાન પણ બનાવવમાં આવી છે. જેથી રિલેટીવ ફુટ પણ ત્યાથી લઈને દર્દીને આપી શકશે.

આજના સમયમાં રિચર્સ અને ડેવલપમેન્ટનું મહત્વ ખાસ મનાય છે. જેથી કિરણ હોસ્પિટલમાં આરએન્ડડી વિભાગ પણ રાખવામાં આવ્યો છે. આ વિભાગમાં ડોક્ટરો નીતનવા સંશોધનો પણ કરી શકે છે. જેનો સીધો ફાયદો માત્ર કિરણ હેસ્પિચલ જ નહીં પણ બધાને થશે.

યુરોપ અને અમેરિકામાં ૨૫૬ સ્લાઈસમાં ભાગ કરીને નાનામાં નાના ભાગ જોઈને રોગનું નિદાન કરવામાં આવે છે. જેને ધ્યાનમાં રાખીને કિરણ હોસ્પિટલમાં પણ ૨૫૬ સ્લાઈસ ની સીટી સ્કેન મશીનરી વિકસાવવામાં આવી છે. હાલમાં ૧૬ અથવા ૬૪ સ્લાઈસમાં એટલું સ્પષ્ટ નહીં દેખાતું હોવાથી આ મશીનરીથી એકથી વધુ જગ્યાએ પણ રોગ જો ફેલાયો હોય તો તેને જાણી શકાશે.

કિરણ હોસ્પિટલમાં કેન્સરની સારવાર માટે એક અલગ બિલ્ડીંગ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં જમીનની અંદર લગભગ બે માળ જેટલું નીચે જઈ સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. અંડરગ્રાઉન્ડ આવી વ્યવસ્થા ઉભી કરવા પાછળનું કારણ કેન્સરના રોગમાં જે રેડિએશન થેરાપીની સારવાર આપવામાં આવે છે તે રેડિએસન આન્યોને ઈફેક્ટ ન કરે તે હેતુંથી કરવામાં આવ્યું છે. આવા બિલ્ડીંગની દિવાલોની જાડાઈ વધુ હોય છે. જેથી તેને અંડરગ્રાઉન્ડ બનાવવાથી જાડાઈ ઓછી રાખી શકાય છે. વૈશ્વિક માપદંડોનું પાલન કરી આ બિલ્ડીંગ બનાવવામાં આવ્યું છે. જેથી જમીનની અંદર બે માળ કેન્સરની સારવાર અને ગ્રાઉન્ડ લેવલ પર આખા વિભાગનું સંચાલન થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

કિરણ હોસ્પિટલના જનરલ વોર્ડમાં દરેકને પ્રાઈવસી મળે તે માટે કર્ટન રાખવામાં આવ્યાં છે. જેમાં અન્ય હોસ્પિટલ કરતાં અહિં માત્ર પાંચ જ બેડ રાખવામાં આવ્યાં છે. પાંચ બેડ વચ્ચે બે બાથરૂમની સગવડતાં પણ છે. આ ઉપરાંત વિવિધ માળ પર સ્યૂટસ, પ્રિમિયમ રૂમ, બે બેડનો ટ્વિન શેરીંગ રૂમ, ડિલક્સ રૂમ બનાવવામાં આવ્યાં છે. કુલ બેડ પૈકીના ૬૬ ટકા બેડ જનરલ રૂમ તરીકે છે. જ્યારે બાકીના ૩૪ ટકા રૂમ પ્રાઈવેટ એટલે કે ઈકોનોમી બનાવવામાં આવ્યાં છે.

કિરણ હોસ્પિટલમાં અત્યાધુનિક કુલ ૨૮ ઓપરેશન થિએટર બનાવવામાં આવ્યાં છે. તમામ ઓપરેશન થિએટરમાં દિવાલ અને

અનુસંધાન પાના નં ૭ પર

મા... પ્યારી મા...મમ્મા..!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

'દુઆ કો હાથ ઉઠાતે હુયે લરજતા હું, કભી દુઆ નહિ માંગી થી માં કે હોતે હુયે '(ઈફ્તિખાર આરીફ)..!' 'મા એટલે શું ? '' કોઈને આવો સીધો સાદો ત્રણ શબ્દમાં સમાઈ જતો સવાલ પૂછો તો જવાબ આપતા પહેલા એણે લાખો વાર વિચારવું પડે કે શું કહું ? એટલા માટે નહિ કે આ સિમ્પલ સવાલનો જવાબ અઘરો છે પણ એટલા માટે કે આ સિમ્પલ સવાલનો જવાબ કલાકો ના કલાકો આપી શકાય એટલો લાંબો છે અને છતાયે અધુરો જવાબ જ રહેવાનો...! જી હા 'માં એટલે શું ?' આનો જવાબ આપવો મારા ને તમારા બધા માટે મુશ્કેલ છે કારણ કે મા એટલે...? એવું વિચારવા બેસો ત્યાં જ જન્મતા જ પહેલી વાર આંખો ખોલી ને જે પહેલો ચહેરો દેખાયો હોય ત્યાંથી લઈને જો માં વૃદ્ધ થઈ ગઈ હોય તો વૃધ્ધ્વ સુધીની આખીયે સફરમાં મા ના અગણિત ઉપકારો અને શીતળ છાયડી જેવા એના આશીર્વાદો સુધીની એક આખીયે ફિલ્મ નજર સામેથી પસાર થઈ જાય....!

એવું હરગીજ નથી કે તાજા જન્મેલા બાળકને એ પગલા માંડતું થાય ત્યાં સુધી મા ની જરૂર પડે કે પછી સ્વતંત્ર થાય ત્યાં સુધી મા ની જરૂર પડે..., મા નો સહારાની જરૂર તો બાળકને હરઘડી ને હરપળ પડવાની જ પછી ચાહે એ ભલેને હજુ ભાખોડિયા ભરતું બાળક હોય કે પછી ૨-૪ છોકરાનો બાપ બની ગયો હોય..! બીકોઝ મા એ એક એવું વાત્સલ્ય ઝરણું છે કે જે પોતાના સંતાન માટે ક્યારે ય સુકાતું નથી જ એમાં સદાબહાર - કોઈ પણ ઋતુમાં વાત્સલ્ય, કાળજી અને પ્રેમનો ધસમસતો પ્રવાહ ચાલુ જ હોય છે. અને આનંદની વાત એ છે કે જેમ જેમ તમારી ઉમર વધે એમ એમ માં નો પ્રેમ વધુને વધુ થતો જાય...ક્યારેક નોટ કરજો અને અનુંભવજો આ વાત ને..! મા ની ઉમર વધે તો સાથે સાથે શરીર ક્ષીણ થશે, નજર ઝાંખી થશે, ચાલવા-ફરવામાં મુશ્કેલી થશે પણ એક વસ્તુ છે જે એવી ને એવી જ રહેશે અને એ છે સંતાન પ્રત્યેનો પ્રેમ..! 'કલ અપને આપ કો દેખા થા માં કી આંખો મેં, યે આયના હંમે બુઢઢાં નહિ બતાતા હૈ' (મુન્નવર રાણા). હા, એ અલગ વાત છે કે પરણ્યા પછી ઘણા બધા પત્ની કે મા બેમાંથી કોની સલાહ લઉં એમાં ચકડોળે ચડી જતા હોય છે પણ હકીકત એ છે કે જ્યારે પણ મા ની સલાહ લેવાનો અવસર આવશે ત્યારે એક સચોટ સોલ્યુશન કે રસ્તો અચૂક મળવાનો જ...! કારણ ?..કારણ એટલું જ કે માં તમને જન્મથી ઓળખે છે...! મા એટલે જરૂરત – પહેલો પ્રશ્ન ફરજીયાત જેવું છે મા નું .મા એટલે જ મુરત અને મા એટલે જ નિદાન અને મા એ જ અભિમાન...! એની પાસે હર મર્જ ની દવા હોય જાણે એની પાસે હર ફર્જ નો હલ હોય – ઉકેલ હોય - સોલ્યુશન હોય...!

આજે 'મધર્સ ડે' યાની કી 'માતૃદિવસ' છે. ઘણાને આ ડે-ફે પશ્ચિમી સંસ્કૃતિની અસર લાગે છે પણ આ લખનારનું માનવું છે કે ચાલો એ બહાને એક દિવસ તો એક દિવસ પણ મા ની મહત્તા તો આપણને સમજાય છે – એની પ્રશંશા કરવાનું સુજે છે – એને ફૂલ/ભેટ આપવાનું થાય તો છે, પશ્ચિમના દેશોમાં તો પરિવારો જ બચ્યા નથી એટલે એમને મન મધર્સ ડે ની મહત્તા અલગ છે જો કે હવે આપણે ત્યાં પણ હૂતો-હુતીવાળા ફેમીલી અને સામે છેડે વૃધ્ધાશ્રમોની સંખ્યા વધતી જ જાય છે એટલે આમ તો સરવાળે પૂર્વ-પશ્ચિમ એક જેવું જ થતું જાય છે છતાં પણ હજુયે સંસ્કૃતિ અને સંયુક્ત કુટુંબો ટકી રહ્યા છે એવામાં મા ને થેંક્યું કે આઈ લવ યુ કહેવાનો આ દિવસ ઉજવાય છે એ આનંદની વાત છે..!! જો કે ફેક્ટ એ છે કે મા આવી પ્રશંશા - ભેટ કે ફૂલ ની મોહતાઝ હરગીઝ નથી હોતી એને મન તો સંતાનની ખુશી, એની પ્રગતી અને કુટુંબની શુખ્શાંતિ જ સૌથી મોટી ભેટ હોય છે. જો કે સાથે સાથે એ પણ હકીકત છે કે એકાદ દિવસને બદલે રોજેરોજ અને રોજેરોજ શક્ય ના હોય તો સમયાંતરે મા અને મા ની તમારા અને કુટુંબ પ્રત્યેની નિષ્ઠા – લાગણીની નોંધ લેતા રહો, એને વધાવતા રહો, એને એપ્રીશીયેટ કરતા રહો તો વધુ સારું રહે, 'માતૃદિવસ' મા પ્રત્યે સન્માન બતાવવાનો દિવસ છે અને એ માત્ર એક દિવસ સુધી સીમિત ના રહે અને ૩૬૫ દિવસ ચાલુ રહે એ વધુ ઈચ્છનીય છે! અને ના કરી શકો તો નુકશાન તમને જ છે – મા ને નહિ કેમકે એ તો એનું કામ પ્રેમ-નિષ્ઠા અને વાત્સલ્ય પૂર્વક કરતી જ રહેવાની છે...! એટલે જ ખાસ જરૂર છે દરેક દિવસ 'માતૃદિવસ' બને એની...!

'ઈક મુદ્દત સે મેરી માં નહિ સોઈ તાબીશ, મૈને એક બાર કહા થા મુજે ડર લગતા હૈ' (અબ્બાસ તાબીશ) આજે 'મધર્સ ડે' અથવા તો માતાનો દિવસ છે પણ કોઈ મને કહેશો કે એવો કયો દિવસ છે જે મા વગર સંભવ બની શકે ? દરેક દિવસ માતૃદિવસ જ છે! મા છે તો બધું છે એમ કહી શકાય..! પ્લીઝ નોટ કે અહિયાં મા વિશેની જે કાઈ પણ વાત થઈ રહી છે એ નવજાત શિશુની મા થી લઈને ૫૦-૬૦ કે ૯૦ વર્ષની મા માટે પણ થઈ રહી છે. મા ને ઉમરના પલડામાં જોખવાની કોઈ જરૂર નથી, મા તો મા જ હોય છે ચાહે એ યુવાન હોય કે વૃદ્ધ..! 'મૈ રોયા પરદેશ મેં ભીગા માં કા પ્યાર, દુખ ને દુખ સે બાત